# કવિતાનું મંત્ર-સ્વરૂપ અને તેની શક્યતાઓ

મોટા ભાગે કવિતા હંમેશાં બે વિરુદ્ધ વલણો તરફ ખેંચાતી હોય છે. એક અંતર્મુખ દર્શન તરફનો લગાવ અને દશ્યજગત રજૂઆત તરફનો લગાવ; પણ કવિતા આ બે વલણથી પર, એક આધ્યાત્મિક ભૂમિકા તરફ પણ ઊંચે જઈ શકે છે, જ્યાં આ બે વિરોધો શમી જાય છે. 'સાવિત્રી' મહાકાવ્યના રચયિતા શ્રી અરવિન્દ સર્જનાત્મક અને આધ્યાત્મિક પ્રક્રિયામાં એક સામ્યતા જુએ છે. કાવ્યવિવેચનના એમના ગ્રંથ 'ભાવિ કવિતા'માં કહે છે :

"સઘળું સર્જન, તેની અંતરતમ પ્રક્રિયાનાં રહસ્યમાં જોવા જઈએ તો, એક જાતની અગમ્ય ઘટના છે. એ સર્જનના માત્ર અત્યંત સ્થૂળ અથવા તો યંત્રવત્ અંશનું જ બહુ તો પૃથક્કરણ થઈ શકે. કવિતાની સર્જનાત્મક શક્તિ પણ એમાં અપવાદ નથી. કવિ એક એવો જાદુગર છે કે જે ભાગ્યે જ પોતાના જાદુનું રહસ્ય જાણતો હોય છે. સર્જનમાં તેનું આલોચનાત્મક રીતે, રચનાત્મક રીતે જે ભાગ જ્ઞાનપૂર્વક ભજવે છે તે પણ બુદ્ધિ કરતાં સહજપ્રજ્ઞાની ક્રિયાવિશેષ હોય છે. અધ્યાત્મશક્તિની વાહિની અથવા તો કરણ બની રહે છે અને એ સર્જનનો રસાસ્વાદ લેવાનું કાર્ય કવિ પોતે બીજાઓ બૌદ્ધિક વિવેક દ્વારા નહીં પણ આધ્યાત્મિક સંવેદન દ્વારા કરે છે." (અનુ. સુન્દરમ્)

આવી એક વ્યાપક આધ્યાત્મિક ભૂમિકા ને ચૈતસિક જગતમાં ઉપર ઊઠી જવાની અને ત્યાંના દર્શનને અભિવ્યક્ત કરવાની પ્રક્રિયા જ ખરી રીતે 'મંત્ર કવિતા'ની ભૂમિકા રચે છે.

આપણી સંસ્કૃતિમાં, પ્રાચીનકાળમાં કવિ શબ્દનો અર્થ જ 'ઋષિ' હતો. એ સત્યનું દર્શન કરનાર અને સત્યને પ્રગટ કરનાર લેખાતો. તેના ક્રાંતદર્શનની શક્તિ જ કવિની વિશિષ્ટ શક્તિ લેખાતી. કવિતા એક કલા છે અને તેનું કાર્ય ક્રાંતદૃષ્ટિ અર્પણ કરવાનું રહેતું. કવિ દ્રષ્ટા છે એટલે એ જુએ છે, પણ બીજા બધા

કરતાં જુદી રીતે જુએ છે. કવિ વિશિષ્ટ રીતે વિચારે છે, પણ એક ફિલસૂફની જેમ નહીં કે પયગંબરની જેમ નહીં. તે બંને કરતાં જુદી રીતે ચિંતન કરે છે. કવિ સત્યમાં રહેલી સૌંદર્યશક્તિ વડે આપણને સત્યનું દર્શન કરાવે છે. કિટ્સનું વિધાન 'Truth is Beauty and Beauty is Truth.' યથાર્થ લાગે છે. એ શબ્દ દ્વારા પ્રતીકોથી, પ્રકૃતિ કે જીવનની ક્રિયાઓમાંથી સત્યનું દર્શન કરાવે છે. કવિનું કાર્ય સત્યનાં વિવિધ પાસાંને તેમના જીવંત સંબંધમાં ઝડપી લેવાનું અને મૂર્ત સ્વરૂપમાં અભિવ્યક્ત કરવાનું હોય છે.

कवयः सत्यश्रूतः - એટલે કે કવિઓ ક્રાંતદર્શન કરનારા અને કવિતાની પ્રેરણામય વાણીના શ્રોતા હોય છે. કવિઓ અંતરાત્માના જગતમાં સઘળી વસ્તુઓને-જગતને, ઈશ્વરને, પ્રકૃતિને વગેરેને - અતિ નિકટતાપૂર્વક જુએ છે અને પોતાના આ દર્શનના માધ્યમથી સર્જકચેતનાને સક્રિય રીતે વાણીનાં સ્વરૂપો અને પ્રવાહ પ્રગટાવે છે. તેથી એ વાણીના શ્રોતા પણ કહેવાય છે.

તેથી મંત્ર કહેતાં જ આપણને વૈદિક ભાષામાં સર્જાયેલા વેદો યાદ આવી જાય છે. કવિતાનું મંત્ર-રૂપ અંગેનો વિચાર એ આપણી પરંપરામાં રચાયેલા મંત્રો છે. તે કાવ્યમાં રહેલી કાવ્યશક્તિના ઉદ્ભવ અને પ્રયોજનના અન્વયે રહેલી પ્રક્રિયા છે. વાસ્તવમાં તો કવિ, કવિતા, મંત્ર અને કાવ્યશક્તિ આ ચારેય બાબતો અવિનાભાવે જોડાયેલાં છે. આમેય કાવ્યપ્રક્રિયા રહસ્યમય અને સંકુલ સ્થિતિ છે. કવિચિત્તમાં સ્થિત અનુભવો અને તેનો અભ્યાસ જ્યારે સંવેદન અને વિચાર દ્વારા શબ્દ-રૂપ લે છે, અભિવ્યક્ત થાય છે, ત્યારે તેની એક ચૈતિસક ભૂમિકા સર્જાતી હોય છે. ક્યારેક તત્ક્ષણ તો ક્યારેક દીર્ઘ સમયે અભિવ્યક્ત થતા આ શબ્દો એક ધ્વનિ સર્જે છે. મૂળ શબ્દ સ્વયં સર્જક છે. તેને લઈને કવિ જ્યારે કવિતા રચે છે ત્યારે તેની વૈયક્તિક ચેતનાની, તેની ભૂમિકાનું ખૂબ મહત્ત્વ હોય છે. કાવ્ય આત્માની ભાષા છે, એમ પણ આપણા રસમીમાંસકોએ કહ્યું જ છે. કવિતા જ્યારે મંત્ર-રૂપ લે છે, તે પહેલાં મંત્ર શું છે? એ તપાસીએ. આ અંગે શ્રી અરવિન્દ 'ભાવિ કવિતા' ગ્રંથમાં કહે છે તેમ–

"વાણીમાં – કાવ્યની વાણીમાં – જ્યારે ત્રણે પ્રકારની કાવ્યશક્તિની તીવ્રતા ત્રિવેણીરૂપે એકત્ર થાય ત્યારે મંત્રનો જન્મ થાય. લય(છંદ)ની ગતિ, શબ્દદેહ ને વિચાર-તત્ત્વની, ટૂંકમાં શૈલીની તથા આત્માને સત્યનું દર્શન થાય તેવી દૃષ્ટિની – સત્યના ક્રાંતદર્શનની તીવ્રતમ - ઉદાત્તતા, એકીવખતે કવિમાનસમાં જાગ્રત થાય ત્યારે મંત્રનો જન્મ થાય છે."

(The Mantra, poetic expression of the deepest spiritual reality,

is only possible when three highest intensities of poetic speech meet and become indissolubly one, a highest intensity of rhythmic movement, a highest intensity of interwoven verbal form and thought substance, of style, and a highest intensity of the soul's vision of truth) - Sri Aurobindo

શ્રી અરવિન્દ 'મંત્ર કવિતા'ના અંગભૂત એવી કાવ્યપ્રક્રિયા માટે ત્રણ અનિવાર્ય એવા પ્રવાહો જણાવે છે :

1. લય(છંદ)ની ગતિ : 'મંત્રનું અર્ધું બળ તો આંતર સત્યને સાકાર કરતા એના લયધ્વનિ ઉપર નિર્ભર હોય છે.' આ વાત શ્રી અરવિન્દ તેમના પત્રોમાં એક જગ્યાએ દર્શાવે છે. એ માત્ર સ્થૂલ લય નહીં પણ પરમસંવાદિતાનો લય હોવો જોઈએ. શબ્દલય જે સાંભળીએ છીએ તે માત્ર નહીં પરંતુ જે અંતઃશ્રુતિ વડે ઝિલાયેલો નાદ, લય જેનું અવલંબન છંદ હોય છે. શ્રી અરવિન્દ તેથી જ છંદને ખૂબ મહત્ત્વ આપે છે.

2. શબ્દદેહ અને વિચારતત્ત્વ : આવા છંદઘોષનાં મોજાં ઉપર થઈને અર્થ ચાલ્યો આવતો હોય છે. છંદોલયના આવા લયહિલ્લોલથી કવિતાનો અર્થ પોતાની મર્યાદાને ઉલ્લંઘી જઈને બૌદ્ધિક વિચાર દ્વારા જે વ્યક્ત થઈ શકે તેવું નથી તે વ્યક્ત કરી શકે છે. શબ્દ વડે પમાતો આ અશબ્દ અને તેના વતીથી વ્યક્ત થતું વિચારતત્ત્વ એક કાવ્યવાણી સર્જે છે. જે કાવ્યની સારભૂત શક્તિ કે તત્ત્વ આપણને વસ્તુનું સાચું દર્શન કરાવે છે.

3. સત્યનું દર્શન : દર્શન એ કવિની સારભૂત બક્ષિસ છે. આદર્શ કવિ એટલે કે કવિનો શુદ્ધાત્મા બધાની આરપાર, સાંગોપાંગ જુએ છે અને પોતાની અંદરના સર્જક લયની અને શબ્દરૂપોની એવી તરંગમાળા ઉઠાવે છે જે એના દર્શનને સાકાર કરે છે. પરિણામે સમગ્રપણે એ એવા સત્યને એવી રીતે આકારે છે, જેમાં સત્યનું અનુપમ સૌંદર્ય મઢાયેલું હોય છે.

'ભાવિ કવિતા' વિશે વાત કરતાં શ્રી અરવિન્દ સ્પષ્ટપણે માને છે કે "કવિતા ત્યારે જ મંત્ર બને છે કે જ્યારે તે અંતરતમ સત્યનો અવાજ હોય. અને તે સત્યના યથાર્થ છંદની અને વાણીની ઉચ્ચતમ શક્તિ દ્વારા તેનું કલેવર પ્રાપ્ત થાય. વેદ અને ઉપનિષદના પ્રાચીન કવિઓ મંત્રનું ઉચ્ચારણ કરવાનો દાવો કરતા હતા, કારણ કે તેઓ હંમેશાં વસ્તુઓના આ અંતરતમ ગૂઢ સત્યને જોવાનો, સાંભળવાનો અને ઉચ્ચારણ કરવાનો પ્રયત્ન કરતા અને તેઓ એમ માનતા કે, માનવહૃદયમાં રહેલો દિવ્ય પાવક અગ્નિ જે મધ્ય વાણી અને આત્માને જન્મજાત છંદ તેમને

આપે છે તેનો જ ઉપયોગ કરતા અથવા તેમની શોધ કરતા.”

વળી કવિને આપણા રસમીમાંસકોએ ‘સાક્ષાત્કૃતધર્મા’ પણ કહ્યો છે. ‘વ્યક્તિવિવેક’ના નીચેના શ્લોકમાં ઉલ્લેખ છે એમ શ્રી અરવિન્દ ‘મંત્રકવિતા’ વિશે પણ આમ જ માનતા હશે :

*रसानुगुण्शहब्दार्थचिन्तास्तिमितचेतसः*
*क्षण स्वरूपस्पशोत्या प्रज्ञेव प्रतिभा कदेः ।*
*सा हि चक्षर्भगवस्तुतीयमिति गीयते*
*येन सात्रात्कारोत्येष*
*भावास्त्रेकालयवर्तिनः ॥*

(રસને અનુરૂપ શબ્દાર્થ શોધવામાં લીન થયેલા કવિની સ્વરૂપસ્પર્શથી ઊઠેલી પ્રજ્ઞા તે જ પ્રતિભા છે. તે જ ભગવાનનું ત્રીજું ચક્ષુ છે એમ કહેવાય છે. આ ચક્ષુથી (ભગવાન) ત્રણે કાળમાં રહેતા ભાવોને પ્રત્યક્ષ કરી શકે છે. આને જ શ્રી અરવિન્દ મંત્રકવિતા કહે છે.)

‘મંત્રકવિતા’ના એક ઉદાહરણ તરીકે આપણા રાષ્ટ્રના કવિ બંકિમચંદ્રની પ્રખ્યાત કાવ્યપંક્તિને યાદ કરવા જેવી છે. બંકિમચંદ્ર ચેટરજીને વિશે શ્રી અરવિન્દે એક લઘુલેખ ‘મોનોગ્રામ’ લખ્યો છે, તેમાં ‘વંદેમાતરમ’ને એમણે મંત્ર તરીકે જાહેર કર્યો છે. આખા રાષ્ટ્રના આત્માને જાગ્રત કરતી આ કાવ્યપંક્તિઓ, લોકહૃદયમાં અને પ્રજાજીવનમાં કેવી તો ઓતપ્રોત થઈ ગયેલી એ આપણા નજીકના ઇતિહાસનો અનુભવ છે. આખા દેશમાં રાષ્ટ્રીય ચેતના જગવવામાં આ કાવ્યે કેવી અનુપમ અસર ઊભી કરી હતી તે આપણે જાણીએ છીએ. અમેરિકન કવિ, આધુનિકોનો આદિ કવિ વ્હિટમેનને પણ યાદ કરવો પડે. રૂપની દરકાર કર્યા વગર પોતાના દર્શનને વ્યક્ત કરવા મથતો કવિ, આપણને માનવનું સંગીત ગાઈ સંભળાવે છે. માનવના વિરાટ સ્વરૂપને તે જુએ છે અને તેના શાશ્વત આત્માને નિહાળે છે. માનવની સ્વતંત્રતા, તેની મહત્તા અને ભવ્યતા તે જુએ છે :

*હે આત્મા! ચાલો પથ આદિ ચિત્તને*
*ના ભૂમિના, સાગરના ન માત્ર,*
*પંથે ચલો તે જ્યહીં અચ્છ ફુલ્લતા*
*તારી, પ્રજા પ્રૌઢ યુવાન શ્રીભરી,*
*તે દેશ ચાલો જ્યહીં ઋક ટજુર ખીલે.*
*ચલો ચલો આદિમ સ્વર્ગભૂમાં,*
*સંજ્ઞાનની જન્મસ્થલી વિશે ચલો,*

*તે આવિલે મુક્ત દીક્ષા પ્રદેશે*
*પુનઃ ચલો શ્રીમત સૃષ્ટિ કક્ષે* (અનુ. સુન્દરમ્)

*"Passage indeed O soul to primal thought,*
*Not lands and seas alone, thy own clear freshness*
*The young maturity of brood and bloom,*
*To realms of budding bibles.*
*To reason's early paradise,*
*Back, back to wisdom's birth, to innocent initiations,*

*Again with fair creation."* - Whitman

એક રીતે મંત્રનો ઉદ્ભવ બુદ્ધિથી પર એવી ઊર્ધ્વ મનની ભૂમિકામાંથી થાય છે. શ્રી અરવિન્દ તેને અધિમનસ કાવ્યધારા (Overmind poety) કહે છે. બીજી રીતે મંત્રકવિતાને આત્માનો દૃષ્ટિકોણ (soul's view point) પણ કહી શકાય. આ કાવ્યદર્શન એ જીવનની સમીક્ષા નથી; પરંતુ આત્માનો દૃષ્ટિકોણ છે. શ્રી અરવિન્દ કહે છે કે મંત્ર કાવ્યમય વિચાર તથા અભિવ્યક્તિનું ઉચ્ચતમ, ઉત્કટતમ, આવિષ્કાર રૂપ છે. વેદના કવિઓ મંત્રને પ્રેરણાયુક્ત, આવિષ્કારયુક્ત દર્શનના અને દર્શનવાળી વિચારણા માનતા હતા. પરંતુ એય સાચું છે કે કાવ્યનું દર્શન એ જીવનની સમીક્ષા નથી. આ સંદર્ભે મેથ્યુ આર્નોલ્ડે કવિતા એટલે 'જીવનની કાવ્યમય સમીક્ષા એટલે કે ટીકા'ની વ્યાખ્યા આપી છે તે જોખમભરી છે. કવિએ 'જગત પોતાને મળ્યું છે તેને વધારે સારું કરીને પોતાની પાછળ મૂકવું' તેવો ભાવ કદી રાખવો જોઈએ નહીં. તેનું કારણ કે કાવ્યમય દર્શન એટલે કોઈ જીવનનું વિવેચનાત્મક કે સમીક્ષાવાળું કે બૌદ્ધિક અથવા ફિલસૂફીના દૃષ્ટિબિંદુ દ્વારા કરેલું દર્શન નહીં, પણ કવિતાનું દર્શન એટલે અંતરાત્માએ કરેલું દર્શન એ વાત જ યોગ્ય છે.

આ અંગે શ્રી અરવિન્દ નોંધ છે એ વાત 'મંત્રકવિતા' માટે અંકે કરવા જેવી છે :

The poetic vision of things is not a criticisum of life, not an intellectual of philosophic view of I but soul-view, a seizing but the inner sense. (Sri Aurobindo)

કવિતાના ઉદ્ગમસ્થાન તેનાં મૂળ વિશે વાત કરતાં શ્રી અરવિન્દ ચતુર્થ પરિમાણ (fourth dimension)ની પણ વાત કરે છે. કવિતાનો મૂળ સ્રોત ક્યાં છે તે શોધમાં જ કદાચ 'મંત્રકવિતા'નું મૂળ રહેલું છે. આમ તો કલામાત્રનું રસસંવેદન (aesthetIics) વ્યક્તના અસ્તિત્વમાં રહેલું હોય છે. અન્નય-પ્રાણમય અને મનોમય

ચેતનાના ત્રણ પરિમાણ ઉપરાંત તેની ઉપરના એકચતુર્થ પરિમાણમાં રહેલું હોય છે. આથી સાચું કાવ્ય જાણે શુદ્ધ અનુલેખન (transcription) જેવું હોય છે. આપણા કવિ રાજેન્દ્ર શાહ ઘણી વાર કહેતા કે તેમને કાવ્ય નજર સામે દેખાય છે, એ તો એનું અનુલેખન કરે છે! વાસ્તવમાં એમની આ શબ્દલયની અનુભૂતિ એટલી તો સઘન હશે જેથી એ એમ કહેતા હશે. એમની સર્જનક્ષણમાં આવું ચૈતસિક વહન શબ્દબદ્ધ થયું હશે. એક જાતની પ્રત્યક્ષીકરણની શક્તિ ઉદ્ભવી હશે. શ્રી અરવિન્દ 'સાવિત્રી' મહાકાવ્યમાં આનો અનુભવ વર્ણવતાં કહે છે :

*"A fourth dimension of aesthetic sense,*
*Where all is in ourselves, ourselves is all,*
*To the cosmic wilderness re-aligns our souls,*
*A kinding rapture joins the seer and seen;*
*The craftsman and the craft grows only one,*
*Achieve perfection by the magic throb*
*And pasion of their close identity."* ('Savitri' - Book 2, canto 2)

'મંત્રકવિતા' વિશે વાત કરતાં કરતાં અંબુભાઈ પુરાણી 'સાહિત્યની પાંખે' ગ્રંથમાં બહુ માર્મિક રીતે આધુનિક કવિતા વિશે, આજના સમયમાં 'મંત્રકવિતા' સંદર્ભે, ત્રણ આગવાં અને મહત્ત્વનાં નિરીક્ષણો રજૂ કરે છે, જે આજે ખૂબ પ્રસ્તુત છે ને આ વિષય અન્વયે નોંધવા લાયક છે તે આ મુજબ છે :

1. આધુનિક કાવ્યમાં જે વિષયની કવિતાના ક્ષેત્રની નવીનતાનો દાવો કરવામાં આવે છે એ ખરું જોતાં વિવાદાસ્પદ છે. કાવ્યના બાહ્ય સ્વરૂપમાં નવીનતા અલબત્ત લાવવામાં આવી છે. આ કહી એ વેધક પ્રશ્ન કરે છે : શું આવી નવીનતા પ્રતિભાજન્ય છે ખરી? એ નવીનતા સૌંદર્યપોષક નીવડે છે? નવીનતા નવીનતાને જ કારણે - સર્જકતાનું સ્થાન, સાચી સર્જકતાનું સ્થાન, લઈ શકે શું?

2. તે અણુમાં વિરાટ જોવા અને દેખાડવા માગે છે, પરંતુ તે બિચારો એટલું જ બતાવે એથી શો અર્થ સરે? અણુમાં વિરાટ તો ઘણી વાર તે નથી દર્શાવી શકતો – કારણ કે, કદાચ તેને પોતાને વિરાટનાં દર્શન કરતાં અણુની તીવ્ર અણુતાનું સંવેદન વધારે સ્પષ્ટપણે થયેલું હશે – એટલે પછી અણુ જ આલેખી રહે છે, અભદ્રને જ જીવનનું સર્વસ્વ હોય તેમ બતાવે છે અને ઉપેક્ષિત વસ્તુઓને અસાધારણ યોગ્યતાવાળી રંગે છે.

3. મુશ્કેલી એને લઈને ઊભી થાય છે કે આધુનિક કવિ નવીનતા અને પ્રતિભા બંનેને એક ગણે છે. નાવીન્યમાં જ કાંઈક અપૂર્વ સર્જકતા રહેલી છે એમ માનવાની ભૂલ કરીને તે નાવીન્યમાંથી વૈચિત્ર્યમાં ઘણી વાર લપસી પડે છે. પોતાની વિશિષ્ટતામાં જ કાંઈ અપૂર્વતા રહેલી છે એટલું જ નહીં પરંતુ હોવી જ જોઈએ એમ તે માને છે ને માનવાનો આગ્રહ કરે છે અને આ નવીનતા પણ મોટા ભાગે કાવ્યસ્વરૂપના બહિરંગને જ સ્પર્શે છે! શ્રી પુરાણીનાં ઉપર્યુક્ત નિરીક્ષણો આજના કવિઓ માટે કેટલાં દિશાસૂચક છે તે આ લેખના સંદર્ભે તપાસવાનો એક ઉપક્રમ પણ છે.

ખરેખર તો, વ્હિટમેનની જેમ કે ટાગોરની જેમ માનવજીવનનું દર્શન વિશ્વમાનવની દષ્ટિએ કરાયેલું હોવું જોઈએ. જે ક્ષુદ્રમાં બૃહત્, અણુમાં વિરાટને, સીમિતમાં અનંતને જોઈ શકશે અને દેખાડી શકશે.

કવિતાનું મંત્રસ્વરૂપ સમગ્ર માનવજાતની ચૈતસિક ઉત્ક્રાંતિમાં કદાચ એક મહત્ત્વનું યોગદાન આપી શકશે એવું ઋગ્વેદના એક શ્લોકને આધારે કહી શકાય :

व्युच्छन्ति जीवनमूरदीश्यन्त्युषा मृतं कं चन बोधन्ति।

(જે જીવંત છે, તેને તે પ્રગટ કરે છે અને જે મૃત હતું, તેને પુનર્જાગ્રત કરે છે - ઋગ્વેદ)

અસ્તુ...

---

## સંદર્ભ સાહિત્ય


1. *'ભાવિ કવિતા', શ્રી અરવિન્દ*
2. *'સાહિત્યની પાંખે', અંબાલાલ પુરાણી*
3. *'શ્રી અરવિન્દ કાવ્યદર્શન', અંબાલાલ પુરાણી*
4. *'કવિની સાધના', ઉમાશંકર જોશી*
5. *'આલોક', જયંત પાઠક*
6. *Sri Aurobindo's Asethetic and poetics by Murali Sivaramakrishana*


●●●

# ગુજરાતી કવિતા : અનુઆધુનિકકાળ

ગુજરાતી કવિતાનો આ એક એવો વળાંક છે, જેણે મુખ્યત્વે વ્યાપક 'સ્વ'ની ભૂમિકાને બદલે 'સ્વજન' અને 'સમાજ' તરફી પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ ગાળાના સર્જકોએ પ્રજાજીવનનાં અને નિજજીવનનાં એવાં પાસાં તરફ નજર કરી છે. જેથી એક સાહિત્યિક નિસબત ઊભી થઈ. પરિણામે ગુજરાતી અનુઆધુનિક કવિતાની સફર એક નવી ઓળખ ભણીની યાત્રા જેવી લાગે છે.

આધુનિક સમયગાળાની હતાશા, વિમુખતા, અંદરનું ખવાણ, છિન્નભિન્નતા, ઈશ્વરનું મૃત્યુ જેવા અસ્તિત્વવાદની સાથે પ્રગટેલા વિષયોને સ્થાને કાવ્યોમાં બોલચાલની ભાષા, સહજોક્તિ અને નવી અભિવ્યક્તિ જોવા મળવા લાગી. નારી-ચેતના, દલિત-ચેતના, ગ્રામ-ચેતના, વતનવિચ્છેદ સુધી સીમિત ન રહેતાં, સર્જકોએ પર્યાવરણલક્ષી કૃતિઓ રચવા માંડી અને બદલાતી જીવનશૈલીમાં કૃતક બનતાં જીવન પ્રત્યે પણ ધ્યાન કેન્દ્રિત કર્યું. આ દરમિયાન રમખાણ, કોમી તોફાનો, આતંકવાદ સાથે-સાથે સર્જકો સામે પોતાની ઓળખ માટેની એક કટોકટી પણ ઊભી થઈ. અનુઆધુનિકોએ શોક-સંતપ્ત થયા વિના વિધેયાત્મક ભાવે એનો સ્વીકાર કર્યો. આધુનિકકાળની કાવ્યશુદ્ધિને સ્થાને બોલીનો મહિમા ઊભો થયો જેથી સમાજ અને લોકોથી વેગળી થયેલી કવિતાએ પુનઃ પ્રજાકીય સંધાન સાધવાનો પ્રયત્ન કર્યો. સમાજને અસમતોલ કરતાં અને વિભાજન તરફ ધકેલતાં પરિબળો જાણે હાવી થયાં. પરિણામે વત્તેઓછે, જાણે-અજાણે આ સમયની સર્જકચેતનાઓ પર પ્રભાવ પડ્યો છે.

રોજબરોજની ભાષા સર્જાતા સાહિત્યમાં સ્થાન લેવા લાગી. બલ્કે, સર્જાતા સાહિત્યમાં એની બોલબાલા રહી. કૃતિએ સંસ્કૃતિમાંથી પસાર થતાં નવાં કલાધોરણોની શોધમાં બહુપારિમાણિક અને બહુસાંસ્કૃતિક અભિગમે નવી તાજગી આણી પણ એ સંકુલ સ્થિતિને સમતોલ કરીને વ્યક્તિ, સમાજ અને

સમયનો ચહેરો અભિવ્યક્ત કરવાનું મુશ્કેલ હતું. ઘણી વાર કૃતકતાએ ફેશનનું સ્થાન લીધું તો ઊંડાણે સપાટી પકડી. વિવિધતામાં એકતાને સ્થાને વિવિધતામાં અનેકતા જ મુખ્ય બની રહી. તેમ છતાં ગુજરાતી કાવ્ય-સાહિત્યના સમયગાળાના સૂર અને સંવેદન, સત્ય અને સત્ત્વ આધુનિકકાળ કરતાં ભિન્ન જરૂર છે. જે વિશિષ્ટ કવિમુદ્રાઓ દૃષ્ટિગોચર થાય છે ને નવાં પરિમાણો ઉપર તરી આવ્યાં છે. એમણે અનેક પડકારો વચ્ચે સમય-ઓળખને અંકે કરી છે.

આધુનિક ગાળા પછી આપણે ત્યાં પરિવર્તનો આવ્યાં. એક બાજુ કમ્પ્યૂટર યુગની બારી ખૂલી, બીજી બાજુ વૈશ્વિકીકરણનાં બ્યૂગલ ફૂંકાવા લાગ્યાં. વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રમાં વિકાસની વાત મુખ્ય લેખાવા લાગી અને વિકાસ પણ આંખે દેખાય તેવો, એવો ખ્યાલ બંધાવા લાગ્યો. બહુસંસ્કૃતિની બોલબાલા ઊભી થઈ. હાંસિયામાં રહેલાઓ, પોતાની ઓળખ માટે મથ્યા અને એ ઓળખ સ્વીકૃત બનતી ગઈ. ટૂંકમાં સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક પરિમાણો ઝડપથી બદલાવા લાગ્યાં.

એક નવા પરિમાણની અને નવા સંવેદનની અભિવ્યક્તિ માટે સર્જાતી કવિતામાં જાણે નવી પરિભાષાની શોધનો પ્રારંભ થયો. આમ પ્રસ્તુત કાવ્ય-કાળ નવી ઓળખ અને સભાનતા સાથેની ભાષા-શોધનો પણ બની રહ્યો. મુખ્ય ફેરફાર એ થયો આધુનિક સાહિત્યની બહુધા વ્યંજનાપૂર્ણ ઊર્મિશીલ સર્જકતાને સ્થાને અભિધામાં સસ્તી કવિતાના પેટાળમાં ભારોભાર વેદના અને વિદ્રોહ તેમજ વિચાર અને નિસબત દેખાવા લાગ્યાં. કાવ્યમાં કથનાત્મકતા (Narratives)નો ઉપયોગ વધવા લાગ્યો. આધુનિક સમયમાં વપરાતાં કલ્પનો (Images)ના સ્થાને અનુઆધુનિક ગાળામાં જુદાં કલ્પનો મળવા લાગ્યાં. એકસ્તરીય અભિવ્યક્તિની જગ્યાએ બહુસ્તરીય અને બહુકેન્દ્રી અભિગમ દેખાવા લાગ્યો. સર્જક ઘડીક સ્તબ્ધ તો થયો, પણ અંતે એ નવી અભિવ્યક્તિઓ તરફ વળ્યો.

આ સમયગાળામાં કાવ્યક્ષેત્રે નીચેના પ્રવાહો જોવા મળે છે.

પૂર્વ પેઢીના મહત્ત્વના આધુનિક સર્જકોના અનુઆધુનિક ગાળામાં સ્થિત્યંતર સમગ્ર ગાળાનું સારભૂત કાવ્યત્વ છે. આ સર્જકોએ આધુનિક ગાળામાં મહત્ત્વનું પ્રદાન કરેલું છે પરંતુ બદલાતા સમયમાં પોતાની કાવ્ય-ચેતનાને પણ સક્રિય રીતે જાગતી રાખી છે. નવાં સ્થિત્યંતર રચતાં નવાં કલ્પનો અને ભાષાકર્મ એમની રચનાઓમાં જોવા મળે છે. સિતાંશુ મહેતા, લાભશંકર ઠાકર, ચંદ્રકાંત ટોપીવાળા, ચંદ્રકાંત શેઠ, ચિનુ મોદી, દિલીપ ઝવેરી, ધીરુ પરીખ, મનહર મોદી, રઘુવીર ચૌધરી, રમેશ પારેખ, વગેરે છે.

આધુનિકકાળના આ કવિઓમાં અનુઆધુનિક ગાળામાં એક સાહિત્યિક વિસ્તરણ (Literary Extension) જોવા મળે છે. આ આખી ઘટના બીજી પેઢીના સર્જકો માટે સાનુકૂળ વાતાવરણ ઊભી કરનારી પણ બની છે.

ઉત્તરપેઢીના આધુનિક કવિઓની અનુઆધુનિક કાવ્યસિદ્ધિઓમાં વિષયવૈવિધ્ય, ભાષાકર્મ અને વાસ્તવલક્ષી સંવેદનો છે. સામાજિક-રાજકીય સામૂહિક અચેતન તરફ ધારદાર અભિવ્યક્તિ છે તો પર્યાવરણલક્ષિતા પણ છે. પુરાણકલ્પન આધારિત ઉત્તમ કાવ્યો જડે છે તો અત્યારના જિવાતા જીવન પ્રતિ કટાક્ષ કાવ્યો પણ મળે છે. આ સમયગાળાના મુખ્ય કવિઓ હરીશ મીનાશ્રુ, ઉદયન ઠક્કર, કમલ વોરા, દલપત પઢિયાર, સરૂપ ધ્રુવ, નીતિન મહેતા, પવનકુમાર જૈન, પ્રવીણ પંડ્યા, બાબુ સુથાર, મણિલાલ પટેલ, યજ્ઞેશ દવે, રમણીક સોમેશ્વરે, વગેરે છે.

આ સમયમાં દલિત અને આદિવાસી સામાજિક ચેતનાની અભિવ્યક્તિ કરતા કવિઓ તેમની નિજીમુદ્રા દર્શાવવામાં સફળ થયા છે. 1980ની આસપાસમાં આરંભાયેલી દલિતચેતનાએ આપણા સાહિત્યને ઉપકારક સર્જકો આપ્યા. 1985ના અનામત વિરોધી આંદોલન પછી આ સર્જકોએ અભિવ્યક્તિમાં માત્ર મુખર પ્રતિબદ્ધતા નહીં પણ સર્જકતાના સ્તરો પણ અંકે કર્યા. નીરવ પટેલ, દલપત ચૌહાણ, કાનજી પટેલ, મધુકાંત કલ્પિત, હરીશ મંગલમ, અશોક ચાવડા, નિલેશ કાથડ, વગેરે છે.

નારીચેતના વિશિષ્ટ રીતે અભિવ્યક્ત કરતી સ્ત્રીકવિઓમાં કેટલાક નવા અવાજો અનુઆધુનિક ચેતનાનો સ્પર્શ આપે છે. એમની રચનાઓમાં સ્ત્રી-માનસ અને સ્ત્રી-સંવેદનોની અરૂઢ અભિવ્યક્તિ છે. આમ પણ આપણા સાહિત્યમાં નારીસર્જકો ઓછાં છે ત્યારે આ સમયમાં કેટલીક કલમો આ ગાળાની નવી ઓળખ અંકે કરે છે. આત્મલક્ષી રચનાઓ સર્વલક્ષી બની છે અને કલાના માપદંડો પણ પામે છે એ આજે રચાતી નારીચેતનાની કૃતિઓ પરથી ફલિત થાય છે. આ કવિઓમાં મનીષા જોશી, ઉષા ઉપાધ્યાય, સંસ્કૃતિરાણી દેસાઈ, ઉર્વશી પંડ્યા, વિપાશા, મુખ્ય છે.

અનુઆધુનિક ગાળાના આગવા સર્જકો દ્વારા નવાં પરિમાણો અને નવાં કલ્પનો સવિશેષ લાધે છે. આધુનિક ગાળાની રચનારીતિ અને વિષયોમાં બદલાવ આવ્યો. સ્વ સુધી સીમિત ન રહેતા સ્વજન પ્રત્યે સમસંવેદના, સમાજ અભિમુખતા અને સમષ્ટિ સુધીની ખેવનાઓની રચનાઓ મળવા લાગી. આવા સર્જકો ખૂબ ગંભીરતાથી પરંપરાનું સંધાન પણ નવી રીતે સાધતાં રહ્યાં છે. એમનાં કાવ્યોમાં

માટી, ધૂળ, પૃથ્વી જેવા વિષયો આવે છે એટલું જ નહીં તેઓ લુપ્ત થતી ઓળખ અને ઝાંખી થતી ભાષાને સજીવ કરે છે. જિવાતા જીવનની યથાર્થતાને કળાની ભૂમિકાએ વ્યક્ત કરે છે. એટલું જ નહીં કૉર્પોરેટ સંસ્કૃતિને નિર્દેશતી રચનાઓ પણ પ્રાપ્ત થાય છે. રાજેશ પંડ્યા, સંજુ વાળા, રાજેન્દ્ર પટેલ, યોગેશ જોષી, પ્રબોધ જોશી, રમણીક અગ્રાવત, વગેરે આ અંગે મુખ્ય કવિઓ છે.

આધુનિક ગાળામાં નીવડેલા કવિઓ સિવાયના અનુઆધુનિક સમયના ગીત-ગઝલના નીવડેલા સર્જકો ઓછા છે પરંતુ ગઝલસ્વરૂપમાં રત લોકોની સંખ્યા અઢળક છે. જો કે આ ગાળાના મહત્ત્વના ગઝલકારોમાં એક વિશિષ્ટતા એ છે કેટલાક ગઝલકારોએ ગઝલના પ્રકાર ઉપર શોધનિબંધો દ્વારા ગઝલની સમજને વિસ્તારી છે (રાજેશ વ્યાસ 'મિસ્કીન', એસ.એસ. રાહી, રશીદ મીર, રઈશ મણીઆર આદિ). આધુનિક ગાળામાં ગીત-ગઝલ પ્રકારમાં ઉત્તમ કવિઓ મળી ચૂક્યા છે. રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત પછીના ગીતકારોમાં સુરેશ દલાલ, રમેશ પારેખ, અનિલ જોશી જેવા ઊંચા ગજાના કવિઓ દ્વારા અનન્ય ગીતરચનાઓ પ્રાપ્ત થઈ છે. ગઝલમાં આદિલ મન્સૂરી, મનહર મોદી, ચિનુ મોદી, મનોજ ખંડેરિયા, રમેશ પારેખ, રાજેન્દ્ર શુક્લ, શ્યામ સાધુ, હરીન્દ્ર દવે, ભગવતીકુમાર શર્મા જેવા સક્ષમ ગઝલકારો દ્વારા આ પ્રકારમાં એમનું કાવ્યત્વ સિદ્ધ થયું છે. અનુઆધુનિક ગાળામાં સૌથી વધુ સંખ્યા ગઝલકારોની છે. અતિલેખનનો ગઝલક્ષેત્રે અતિરેક છે. કવિતાની સંખ્યા કરતાં જાણે કવિઓની સંખ્યા વધી પડી છે. અનુઆધુનિક ગાળાના મુખ્ય ગીત-ગઝલના કવિઓ છે : વિનોદ જોશી, રાજેશ વ્યાસ, મુકુલ ચોક્સી, હેમેન શાહ, ભરત વિંઝુડા, મનોહર ત્રિવેદી, હર્ષદ ત્રિવેદી, વગેરે.

આ ઉપરાંત ઘણાં ગીત-ગઝલ કવિઓ છે જેમનું પ્રદાન નોંધપાત્ર છે. ગીતકારોમાં મુખ્યત્વે કૃષ્ણ દવે ગીતરચનામાં કમ્પ્યૂટર અને ઇન્ટરનેટની પરિભાષાનો પ્રથમ સફળ ઉપયોગ કરે છે. આ ઉપરાંત લાલજી કાનપરિયા, વિનોદ ગાંધી, જયેન્દ્ર શેખડીવાળા, મુકેશ જોષી, વગેરે તરફથી વિશિષ્ટ રચનાઓ પ્રાપ્ત થઈ છે. ગઝલક્ષેત્રે હેમંત ધોરડા, કિસન સોસા, નયન દેસાઈ, અશરફ ડબાવાલા જવાહર બક્ષી, શોભિત દેસાઈ, રશીદ મીર, લલિત ત્રિવેદી, એસ.એસ. રાહી, રઈશ મણીઆર, રવીન્દ્ર પારેખ, વિવેક કાણે, મકરંદ મૂસળે, સૌમ્ય જોશી, નીતિન વડગામા, અનિલ ચાવડા, ભાવેશ ભટ્ટ, ગૌરાંગ ઠાકર, વગેરે અનેક ધ્યાનપાત્ર ગઝલસર્જકો સક્રિય છે.

અનુઆધુનિક વસાહતી પરિસ્થિતિમાં વસાહતી જીવનરીતિ અને પોતાની મૂળ સંસ્કૃતિ વચ્ચેના તાણાવાણામાં ઓળખ ઊભી કરવા મથતા હવે ઘણા કવિઓ

છે. સહજ અભિવ્યક્તિ કરવી અને છતાં એને મુખર ન થવા દેવી એવી રચનાઓ ઠીક ઠીક મુશ્કેલ છે. એક તરફ પરંપરાની ઊર્મિશીલતા અને આધુનિક કલ્પનોનો વળગાડ બેયથી દૂર રહી, રૂઢ અતીતરાગથી અલગ ફંટાઈને રહી જિવાતા જીવનની અરૂઢ અભિવ્યક્તિ અશક્ય નહીં તોય મુશ્કેલ તો જરૂર છે. ગુજરાતી ભાષા માટે આ વાત ઉપકારક છે. પન્ના નાયક, ચંદ્રકાંત શાહ, પ્રીતિ સેનગુપ્તા, દીપક બારડોલીકર, વગેરે મુખ્ય વસાહતી કવિઓ છે.

સમયે સમયે સ્થળે સ્થળે નવી-નવી સર્જક-ચેતના સક્રિય થતી રહેતી હોય છે અને નવાં સ્થિત્યંતરો અને સાહિત્યની વિલક્ષણતાઓ સર્જાતી રહેતી હોય છે, જે ક્યારેક ચીલાચાતરું પણ રહેવાની અને એને લીધે સાંપ્રતનો મહિમા થતો રહેવાનો. એક નિરીક્ષણ એ નોંધવા જેવું છે કે ગુજરાતી કાવ્યસૃષ્ટિમાં જ્ઞાન અને કલાઓની બીજી ધારાઓનો વિનિયોગ જેટલો થવો જોઈએ એટલો થયો નથી એટલું જ નહીં બીજી સંસ્કૃતિઓનું સાયુજ્ય જેટલું સધાવું જોઈએ એટલું સધાયું નથી. આજે કોઈ પણ માહિતી સહજ ઉપલબ્ધ થઈ છે અને ટૅક્નોલૉજીનો વિધેયાત્મક ઉપયોગ શક્ય બન્યો છે ત્યારે ઉપરોક્ત બંને વાનાં સરળતાથી અંકે થઈ શકે એમ છે. વિશ્વકાવ્યસૃષ્ટિમાંથી ઉત્તમ કાવ્યોનો અનુવાદ અને કવિ-વિશેષ પરિશીલન જે કક્ષાએ થવું જોઈએ તે જોવા મળતું નથી. ચંદ્રકાન્ત ટોપીવાળા, હરીશ મીનાશ્રુ અને ધીરુ પરીખ આ કાર્યમાં મોખરે છે.

આજના ત્વરિત વિસ્તરતા માહોલમાં કેવળ ‘સ્વ’ની જ વાત નહીં, વિશ્વ સમસ્તની સંવેદના અને નિસબત ગુજરાતી કવિતામાં ભળવા માટે તત્પર ઊભાં છે.

●●●

# રાજેન્દ્ર શાહની કાવ્યસૃષ્ટિનું એક આગવું પરિમાણ-1

રવીન્દ્રનાથ ટાગોરના કાવ્યસંગ્રહ 'ગીતાંજલિ' અને 'ભાનુસિંહેર પદાવલિ' સંદર્ભે રાજેન્દ્ર શાહ એક વિશિષ્ટ નિરીક્ષણ કરતાં કહે છે, "એક ભક્તના પ્રપત્તિયોગનું એમાં આપણને દર્શન થાય છે, પરંતુ ઉન્મુખ કવિચિત્ત નિજી વ્યક્તિત્વથી પર એવા એક ભાવલોક સાથે અનુસંધાન પામે છે. કોઈ એક નિર્દિષ્ટ ક્ષેત્રમાં વધુ સમય એ નિબદ્ધ રહી શકતું નથી. નિત્યનૂતન રસાસ્વાદ માટેની હૃદયગત એક આકુલ વૃત્તિ અવસ્થાંતર માટે એને વિવશ બનાવે છે, પરંતુ તે થાય છે સહજ રીતે."

નન્હાલાલ પછીના બીજા મહત્ત્વના ગીતકવિ રાજેન્દ્ર શાહની કાવ્યસૃષ્ટિ માટે આ જ નિરીક્ષણ લાગુ પડી શકે તેમ છે. એમનાં ઊર્મિકાવ્યોમાં શાંતરસ, સમરસ અને સહજરસ પ્રવર્તતા જોવા મળે છે. તેથી આ કવિના ઊર્ધ્વાભિમુખ કવિચિત્તમાંથી આકારિત થતી રચનાઓમાં, એક શુદ્ધ આધ્યાત્મિકનું પાસું પણ વ્યક્ત થાય છે. આ દૃષ્ટિકોણથી એક કાવ્ય 'ક્ષણની તરલ ભૂમિએ'માં તેનો કાવ્ય-ધ્વનિ સાંભળવા જેવો છે :

*કોઈનો પરિહાર નહીં,*
*મન કોઈમાંયે નવ લાગે,*
*નિખિલને અનુરાગે;*
*કર માંહી કંઈ નહીં છતાંય,*
*ન ઉરમાં ઊણપ જાગે;*
*તુંબનો રે તાર વાગે.*
*આવરતા અવકાશને કેવલ વેષે;*
*પગલું મારું જાય રે અસીમ દેશે*
*કોઈ અનાહત નાદને ઉન્મેષે*
*આનંદે આનંદે નિરુદ્દેશે.*

રાગદ્વેષરહિત હોવું, એ એક આદર્શ ખરો, પણ તે તો આરંભ છે, મહત્તર યાત્રાનો, આ સીમમાંથી અસીમ તરફ જવા માટેનો. અનાહત નાદનો ઉન્મેષ એક સાધન છે, પણ સાધ્ય તો આનંદ છે, અને તે પણ કોઈ ઉદ્દેશ વિનાનો. પરમ તત્ત્વના લયમાં વિલય પામવાની આ આખી પ્રક્રિયા એક પ્રખર આધ્યાત્મિકતાનું કારણ બને છે.

બાળપણથી જ એમનું જીવન રાષ્ટ્રીય અને આધ્યાત્મિક ચેતનાના સંસ્પર્શમાં રહ્યું હતું. પતંગ ઉડાડવા અગાશી પર ગયેલો કિશોર રાજેન્દ્ર તો વાસ્તવમાં ઉપર છવાયેલા અસીમ આકાશમાં ખોવાઈ જતો. દેશદાઝ એવી કે કપડવંજના ટાવર પર ફરકતા ધ્વજને ઉતારવા જઈ રહેલા અંગ્રેજ સિપાઈ પહોંચે એ પહેલાં તેને લઈને ટાવર ઉપરથી નીચે કૂદી પડેલા. તત્ત્વજ્ઞાન વિષય સાથે સ્નાતક થયા પણ શ્રેયસાધક વર્ગની સાધનાનો વારસો માબાપે આપેલો. તેથી અજ્ઞેયવાદ, તંત્રદર્શન તેમની કાવ્યપ્રવૃત્તિના મૂળમાં સહજ જોવા મળે છે. પરિષદના પ્રમુખ રહી ચૂકેલા અને જ્ઞાનપીઠ પ્રાપ્ત કરનાર આ કવિ ખરેખર તો પળેપળ કવિ હતા અને અંદરથી જ જીવતા મનીષી હતા.

પરંતુ રાજેન્દ્ર શાહનાં કાવ્યોમાં અધ્યાત્મ રૂઢ અર્થમાં નથી. આ અધ્યાત્મ, કવિનું અધ્યાત્મ છે. એક સર્જકનું અધ્યાત્મ છે. એટલે એમના કાવ્યમાં સર્જનાત્મક આધ્યાત્મિકતા (creative spirituality) જોવા મળે છે. કવિનું દર્શન જ્યારે કાવ્યમાં રૂપાંતર પામે છે ત્યારે એ કવિતાનો એક આગવો ધ્વનિ રચે છે. એટલે આ કવિનું કાવ્ય-સર્જન આગવું અને અનન્ય છે. ગુજરાતી કાવ્યસૃષ્ટિની એક ઉત્તમ સૉનેટમાળા 'આયુષ્યને અવશેષે'નાં પાંચમા સૉનેટ 'જીવનવિલય'ની અંતિમ બે શિરમોર પંક્તિઓ કવિચેતના દર્શાવે છે :

*ગહન નિધિ હું, મોજું હું, વળી ધનવર્ષ,*
*અભિનવ સ્વરૂપે પામું હું સદૈવ વિસર્જન.*

અદ્વૈતની આ અનુભૂતિ તેમનાં અનેક કાવ્યોમાં જોવા મળે છે. કવિમાં એક અપૂર્વ સાયુજ્ય સધાયું છે, તે નિતાંત કવિ હોવા ઉપરાંત બૃહત્ ચેતનાના અન્વેષક રહ્યા છે. તેમનાં કાવ્યોમાં બે પ્રકારની રચનાપ્રક્રિયા જોવા મળે છે :

- કાવ્યક્ષણની ક્ષણે તેમની આધ્યાત્મિક ચેતનાનું સતેજ થવું અને
- આધ્યાત્મિક ચેતનાના ઉત્થાન સમયે કાવ્યક્ષણનું સર્જન થવું.

તેમનાં કાવ્યો અપૂર્વ કાવ્યસૌંદર્યથી મઢેલાં હોય છે. આ કવિ એક રહસ્યવાદી અભિજ્ઞતા સાથે સૂક્ષ્મગૂઢ સંવેદના વણી લે છે. તેથી કાવ્ય વ્યક્તિગત ન રહેતાં

વૈશ્વિક બને છે, તેથી પણ આગળ સમષ્ટિગત બને છે. એમના હસ્તાક્ષર સમું કાવ્ય ‘નિરુદ્દેશે’ જ લો ને. એમાં આ સર્જનાત્મક અધ્યાત્મ કેવું સક્રિય અને આગવું છે!

*નિરુદ્દેશે*
*સંસારે મુજ મુગ્ધ ભ્રમણ*
*પાંશુ-મલિન વેશે.*

*...*

*પથ નહીં કોઈ લીધ, ભરું ડગ*
*ત્યાં જ રચું મુજ કેડી,*
*તેજછાયા તણે લોક, પ્રસન્ન*
*વીણા પર પૂરવી છેડી,*
*એક આનંદના સાગરને જલ*
*જાય સરી મુજ બેડી,*
*હું જ રહું વિલસી સહુ સંગ ને*
*હું જ રહું અવશેષે.*

કવિનો વિસર્જન થવા પાછળ કે અવશેષ બની રહેવા માટેનો આ અભિગમ વાસ્તવમાં પરમ તત્ત્વના લય સાથે વિલસવું તે છે. આરંભે જ કવિ કહે છે, ‘પાંશુ-મલિન વેશે’. જીવન ભલે ને ડાઘવાળું મેલું હોય પણ જેવા છીએ એવા એક યાત્રામાં જોડાયાં છીએ, નકાર નહીં, સ્વીકાર. સ્વ સાથે સમષ્ટિનો સહજ સ્વીકાર છે. ધરા પરમધામ છે અને તેનો મહિમા છે. જે છે, જેવું છે એનો મહિમા છે. પંચેન્દ્રિયથી પણ એ પામે છે, પરમ આનંદ, રંગ, રૂપનોય મહિમા આ કવિ કરે છે, તે પરમની પ્રાપ્તિ માટે છે. એટલે આ કવિની રચનાઓમાં કોઈ ચોક્કસ પદ્ધતિએ અધ્યાત્મ અને કાવ્યત્વ જુદું નથી બલકે બંને એકબીજામાં ઓગળી જતાં હોય છે. રહસ્યવાદી અભિગમના કાવ્યત્વનું આ આગવું લક્ષણ પણ હોય છે.

તેમની શબ્દાતીત તીવ્ર અનુભૂતિ અનેક કાવ્યોમાં અભિવ્યક્ત થાય છે. એમનાં આવાં કાવ્યોમાં ત્રણ પ્રકારના સૂક્ષ્મ આધ્યાત્મિક સ્તરોનું સંયોજન હોય છે :

- એક સ્તર આધ્યાત્મિક વાસ્તવ (spiritual reality)નું હોય છે.
- બીજું સ્તર બુદ્ધિના પાસવાળી અંતઃસ્ફુરણાવાળું (intuitive intellect) હોય છે.
- જ્યારે ત્રીજા સ્તરમાં કવિની અંતઃસ્ફુરણામાંથી પ્રગટતું ક્રાંતદર્શન (intuitive vision) હોય છે.

રાજેન્દ્ર શાહનાં કાવ્યોમાં પ્રકૃતિ અને પ્રેમતત્ત્વો પ્રધાનરૂપે નિરૂપાયેલાં છે. આ બે પરિમાણોમાં ત્રીજું એક અધ્યાત્મનું પરિમાણ સંયોજાય છે ત્યારે તેમનાં કાવ્યો ચાર પ્રકારે જોવા મળે છે.

પહેલા પ્રકારનાં કાવ્યોમાં પ્રકૃતિની અભિવ્યક્તિ કરતાં કરતાં આધ્યાત્મિક અનુભૂતિમાં સરી જતાં કાવ્યો છે. આ પ્રકારનાં તમામ કાવ્યોમાં તેમનાં લય, કલ્પન, પ્રતીક અને રચનારીતિ તે કાવ્યનો અંતિમ પિંડ ઘડે છે. એક પ્રકૃતિકાવ્ય 'પૂર્ણિમા નિત્ય રમ્ય'માં કેવી સહજ રીતે કાવ્ય અધ્યાત્મમાં રૂપાંતર પામે છે. શરદ પૂનમની ચાંદનીમાં ડૂબેલા આ જગતને જોઈ કવિ એવી સહજ અકથ્ય સ્થિતિ વર્ણવે છે. તુરીય સ્થિતિની ભાવસમાધિનું જ નિરૂપણ.

*સોહે કેવી શરદ તણી આ પૂર્ણિમા સ્નિગ્ધ શાંત!*
*જેનાં ઝીલી કિરણ, જગ જો ને બન્યું દૃષ્ટિકાંત.*
*આંહીં છે જાગૃતિ નહીં, નહીં સુપ્તિ વા, કો તુરીય*
*લાધી જાણે અગમ સ્થિતિ વાણી થકી જે અકથ્ય.*

બીજા પ્રકારની રચનાઓમાં પ્રેમતત્ત્વને અભિવ્યક્ત કરતાં-કરતાં સહજ રીતે અધ્યાત્મમાં પરિવર્તન પામતી રચનાઓ છે. આ કારણે એમનાં કાવ્યોમાં અનન્ય કાવ્ય-શક્તિ પ્રગટતી હોય છે. 'સ્મરણ' નામના એક કાવ્યની પંક્તિઓમાં આ ઉઘાડ માણવા જેવો છે :

*આદિના બિંદુમાં આવી શમિયાં, સંસાર કેરા*
*સઘળા ઘેઘૂર સૂર, પંચરંગ પૂર*
*નયને નયન*
*પછી કાંઈ ન લહાય એવાં આપણે બે જણ એક,*
*ગજનું અવર ત્યહીં વિલોપન છેક*
*નહીં દેશ, નહીં કાલ*
*હૃદયને એક માત્ર તાલ*
*અનાહત છંદ...*
*ત્યહાં પ્રશાંત આનંદ!*
*સહસ્ર વર્ષની નિદ્રા કેરું જાણે સરે આવર્ણ!*
*કમલની શતશત પાંખડી ખૂલે ને ઝીલું તેજનાં ઝરણ.*

પ્રકૃતિ અને પ્રેમ બંનેને અભિવ્યક્ત કરતા સહજ અધ્યાત્મમાં પલટાતી રચનાઓ ત્રીજા પ્રકારમાં છે. એક કાવ્ય 'નવું તારું નામ નીલાંજના'માં આ ઊર્ધ્વચેતનાનો અનુભવ કવિ આમ દર્શાવે છે :

*સુષુપ્તિનું મન*
*તેજ અંધકાર તણું, જાણે ન સ્વપન,*
*અહીં તવ બોલ, તવ સ્પર્શ,*
*ઋજુ હર્ષ*
*- થકી મધુ રીહા મહીં મુજ ઊઘડે નયન,*
*સીમિત અસીમ કેરો નવીન વિભવ*
*પરિણય;*
*પૂર્ણ, ફરી પૂર્ણ પણ ભિન્ન અનુભવ.*

કેટલીક સીધેસીધી અધ્યાત્મ પ્રક્રિયાની જ રચનાઓ છે. બીજા એક કાવ્ય 'શ્વાસોચ્છ્વાસ'માં અદ્વૈતની નિરાલી ભૂમિકા દર્શાવતા કવિ બહુ સ્પષ્ટતાથી કહે છે. એક સર્જક જ સમગ્ર દર્શનને સહજ આમ કહી શકે. અસ્તિત્વના બધા પ્રશ્નોનું નિરાકરણ કવિ જાણે પરમ સંવાદિતામાં પામે છે :

*હું જ તે*
*અકુલ પારાવાર નિરાકાર*
*એકલ સ્પંદ શૂન્ય*
*કેવલ ગુંજન.*

રાજેન્દ્ર શાહના ઉત્તરકાળમાં પ્રગટ થયેલા તેમના બે કાવ્યસંગ્રહ આ સંદર્ભે ખાસ જોવા જેવા છે. એક કાવ્યસંગ્રહ 'હા... હું સાક્ષી છું' (2003)નું શીર્ષક જ કવિચિત્તદશા નિર્દેશે છે. કાળદ્રષ્ટા કવિ જાણે કહે છે :

*હા, હું સાક્ષી છું. સર્વનાસર્વ ભાવને ઝીલું છું*
*હું.*
*એકાકી -*
*આવેગ નહીં, આવેશ આક્રોશ નહીં*
*સ્પૃહાહીન અવધૂતની જેમ.*

કાવ્યના અંતે, નિરંતર ચલતા એક મહાભારત જેવા યુદ્ધનું વર્ણન કરતાં કેવી રીતે કવિચેતના સાક્ષીભાવે વિરમે છે, તે જોવું રસપ્રદ છે :

*ગહન ગભીર છે કાલનું વહન.*
*પ્રત્યેકનું પ્રત્યેકમાં લહું વિગલન,*
*સકલને સંવરણ*
*પ્રશાન્ત એક શ્વેત.*